Extra No. 63

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] TUESDAY, FEBRUARY 24, 2026 / PHALGUNA 5, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નર્મદા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯- નર્મદા-જિ.પં.-૨૦૨૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)ની કલમ-૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ-૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક : KPV-25-DC-ELC-L-4-DP-22-2026, તા.૨૩-૦૭-૨૦૨૫, (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અન્વયે નર્મદા જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
		અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
		સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
નર્મદા	૨૨	૦	૧	૧૦	૯	૧	૧	૦	૦

૨. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રકિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટા-કલમ (૫) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪, (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છેઃ

૧. દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨. મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આાપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને પમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ

નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા આરક્ષિત વર્ગો માટે બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે) ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુ સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

નર્મદા જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૫,૫૪,૦૨૩ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૨૫૧૮૩ હોવી જોઈએ. જેમાં ૨૦% વધઘટ મુજબ વધ સાથે મહત્તમ વસતી ૩૦૨૧૯ તથા ઘટ સાથે લઘુત્તમ વસતી ૨૦૧૪૬ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ,

કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૩	આમલેથા	૩૧૧૨૯	(+) (૩.૬૧) %
૨	૬	દેદીયાપાડા-૧	૨૦૦૬૫	(-) (૦.૩૨) %
૩	૧૫	મોરજડી	૧૯૪૩૯	(-) (૨.૮૧) %
૪	૨૧	તિલકવાડા	૧૯૫૧૨	(-) (૨.૫૨) %

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ નર્મદા જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧	અગર તા.તિલકવાડા	૯- સાવલી	૧૮૮૯	૪૫૭૭	૧૬૯	૩.૬૯	૨૨૬૮	૪૯.૫૫		
		૧- અગર	૧૯૩૮	૪૪૧૮	૧૪૩	૩.૨૪	૩૭૨૧	૮૪.૨૨		
		૧૧-શીરા	૮૫૫	૪૪૭૧	૧૯	૦.૪૨	૩૭૫૨	૮૩.૯૨		
		૧૦- સીંધીયાપુરા	૮૪૨	૪૦૪૫	૮૫	૨.૧૦	૩૫૩૬	૮૭.૪૨		
		૧૫- વોરા	૧૩૩૧	૪૬૦૯	૧૮૪	૩.૯૯	૧૩૬૫	૨૯.૬૨		
		કુલ		૨૨૧૨૦	૬૦૦	૨.૭૧	૧૪૬૪૨	૬૬.૧૯	૫	૧૮
૨	આંબાવાડી તા.ચીકદા	૧-આંબાવાડી	૨૯૫૩	૩૮૩૫	૧૨	૦.૩૧	૩૬૪૨	૯૪.૯૭		
		૪- દાભવણ	૧૮૪૩	૩૧૦૬	૦	૦.૦૦	૩૦૮૨	૯૯.૨૩		
		૫- ગંગાપુર	૧૪૨૭	૩૨૭૮	૧૪	૦.૪૩	૩૨૨૬	૯૮.૪૧		
		૭- જામની	૧૬૧૮	૩૫૬૩	૦	૦.૦૦	૩૫૫૭	૯૯.૮૩		
		૯- કેવડી	૨૦૪૨	૩૬૯૧	૭	૦.૧૯	૩૬૬૭	૯૯.૩૫		
		૧૧- મોટી બેડવાણ	૧૨૭૯	૩૪૬૧	૦	૦.૦૦	૩૪૨૨	૯૮.૮૭		
		૧૨- નાની બેડવાણ	૧૫૮૫	૩૩૫૦	૭	૦.૨૧	૩૧૨૬	૯૩.૩૧		
		૧૩- પાટડી	૧૪૮૩	૩૦૬૧	૦	૦.૦૦	૩૦૫૫	૯૯.૮૦		
		કુલ		૨૭૩૪૫	૪૦	૦.૧૫	૨૬૭૭૭	૯૭.૯૨	૧૭	૭
૩	આમલેથા	૧- આમલેથા	૩૬૬૫	૫૮૧૦	૧૬૮	૨.૮૯	૫૧૪૦	૮૮.૪૭		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
	તા.નાંદોદ	૪- બોરીદ્રા	૯૧૧	૭૬૭૯	૫	૦.૦૭	૭૬૭૦	૯૯.૮૮		
		૫- ઢોલાર	૧૬૪૫	૬૬૩૫	૫	૦.૦૮	૬૬૨૩	૯૯.૮૨		
		૭- ગામકુવા	૧૪૩૪	૫૬૪૨	૦	૦.૦૦	૫૫૭૯	૯૮.૮૮		
		૧૦- મોટીભમરી	૧૪૭૯	૫૩૬૩	૦	૦.૦૦	૫૩૪૬	૯૯.૬૮		
		કુલ		૩૧૧૨૯	૧૭૮	૦.૫૭	૩૦૩૫૮	૯૭.૫૨	૧૧	૮
૪	ભદામ તા.નાંદોદ	૨- ભચરવાડા	૧૮૮૧	૭૩૪૧	૩૦૦	૪.૦૯	૫૪૧૭	૭૩.૭૯		
		૩- ભદામ	૨૬૩૨	૬૨૭૯	૨૬૬	૪.૨૪	૪૦૫૧	૬૪.૫૨		
		૧૨- પોઈચા	૧૫૩૯	૫૧૮૭	૨૮૪	૫.૪૮	૨૦૬૫	૩૯.૮૧		
		૧૪- શહેરાવ	૨૨૦૫	૫૨૬૨	૨૩૦	૪.૩૭	૨૧૬૫	૪૧.૧૪		
		૧૭- વાઘેથા	૧૮૮૪	૫૯૧૫	૧૬૪	૨.૭૭	૫૦૮૦	૮૫.૮૮		
		કુલ		૨૯૯૮૪	૧૨૪૪	૪.૧૫	૧૮૭૭૮	૬૨.૬૩	૨	૨૧
૫	ચીકદા તા.ચીકદા	૨- બાબદા	૧૭૫૮	૨૯૮૫	૦	૦.૦૦	૨૯૭૮	૯૯.૭૭		
		૩- ચીકદા	૩૯૨૧	૩૯૨૧	૨૩	૦.૫૯	૩૮૪૬	૯૮.૦૯		
		૬- ગોપાલિયા	૧૧૪૬	૨૯૩૬	૦	૦.૦૦	૨૯૨૮	૯૯.૭૩		
		૮- ઝાંક	૧૬૯૯	૩૦૪૧	૧	૦.૦૩	૩૦૩૪	૯૯.૭૭		
		૧૦- કુંડીઆંબા	૧૫૮૩	૨૯૭૭	૭	૦.૨૪	૨૯૧૯	૯૮.૦૫		
		૧૪- સાબુટી	૧૦૮૩	૨૯૦૯	૦	૦.૦૦	૨૮૯૨	૯૯.૪૨		
		૧૫- ઉમરાણ	૨૬૮૬	૩૩૫૫	૦	૦.૦૦	૩૩૪૯	૯૯.૮૨		
		૧૬- વાઢવા	૧૯૯૮	૩૦૫૯	૫	૦.૧૬	૩૦૫૧	૯૯.૭૪		
		કુલ		૨૫૧૮૩	૩૬	૦.૧૪	૨૪૯૯૭	૯૯.૨૬	૧૮	૩
૬	દેડીયાપાડા-૧ તા.દેડીયાપાડા	૫- દેડીયાપાડા-૧	૭૫૯૧	૭૫૯૧	૨૩૦	૩.૦૩	૩૬૨૦	૪૭.૬૯		
		૧૩- નિવાલ્દા	૨૪૧૪	૬૪૩૩	૧	૦.૦૨	૬૧૯૨	૯૬.૨૫		
		૧૨- નિંઘટ	૧૯૫૩	૬૦૪૧	૧૦	૦.૧૭	૫૯૯૭	૯૯.૨૭		
		કુલ		૨૦૦૬૫	૨૪૧	૧.૨૦	૧૫૮૦૯	૭૮.૭૯	૯	૧૪
૭	દેડીયાપાડા-૨ તા.દેડીયાપાડા	૬- દેડીયાપાડા-૨	૧૪૩૫	૭૫૨૨	૦	૦.૦૦	૭૨૦૫	૯૫.૭૯		
		૩- બેબાર	૧૩૫૮	૬૧૯૨	૫૬	૦.૯૦	૬૧૨૭	૯૮.૯૫		
		૭- ઘાંટોલી	૨૦૫૫	૭૫૯૪	૪૯	૦.૬૫	૭૪૩૧	૯૭.૮૫		
		૧૭- સોલીયા	૨૧૭૯	૭૬૨૪	૧૭	૦.૨૨	૭૫૯૬	૯૯.૬૩		
		કુલ		૨૮૯૩૨	૧૨૨	૦.૪૨	૨૮૩૫૯	૯૮.૦૨	૧૪	૬
૮	દેવલીયા	૩- દેવલીયા	૧૮૪૫	૪૪૧૫	૯૦	૨.૦૪	૩૬૦૫	૮૧.૬૫		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
	તા.તિલકવાડા	૭- કાટકોઇ	૯૧૧	૩૧૩૬	૨૪	૦.૭૭	૨૮૫૭	૯૧.૧૦		
		૮- રેંગણ	૧૭૧૬	૩૫૫૩	૪૮	૧.૩૫	૧૨૫૭	૩૫.૩૮		
		૧૩- ઉચાદ	૯૩૮	૩૩૭૯	૬૧	૧.૮૧	૧૫૫૩	૪૫.૯૬		
		૧૬- વ્યાધર	૧૫૫૨	૩૯૩૭	૧૯	૦.૪૮	૩૨૭૯	૮૩.૨૯		
		૫- ગોલાતલાવડી	૬૪૦	૩૮૧૯	૪૨	૧.૧૦	૧૪૮૬	૩૮.૯૧		
		કુલ		૨૨૨૩૯	૨૮૪	૧.૨૮	૧૪૦૩૭	૬૩.૧૨	૮	૨૦
૯	ગરૂડેશ્વર તા.ગરૂડેશ્વર	૨- ભીલવશી	૨૨૩૫	૫૯૪૯	૦	૦.૦૦	૫૮૯૨	૯૯.૦૪		
		૩- ફુલવાડી	૧૨૭૩	૭૨૪૧	૫૫	૦.૭૬	૭૦૧૦	૯૬.૮૧		
		૪- ગરૂડેશ્વર	૨૪૫૨	૪૮૨૮	૪૮	૦.૯૯	૪૩૩૨	૮૯.૭૩		
		૧૧- નવાવાઘપુરા	૧૫૩૯	૫૬૯૫	૫	૦.૦૯	૫૬૩૧	૯૮.૮૮		
		કુલ		૨૩૭૧૩	૧૦૮	૦.૪૬	૨૨૮૬૫	૯૬.૪૨	૧૩	૯
૧૦	જાવલી તા.સાગબારા	૧- બર્કતુરા	૯૯૩	૪૦૩૦	૧	૦.૦૨	૪૦૦૦	૯૯.૨૬		
		૨- ભાદોડ	૨૩૦૪	૬૯૫૫	૪૯	૦.૭૦	૬૪૨૪	૯૨.૩૭		
		૬- જાવલી	૩૪૮૨	૫૬૫૯	૩૫	૦.૬૨	૫૫૮૦	૯૮.૬૦		
		૮- કોલવાણ	૩૨૯૪	૫૭૨૯	૪૨	૦.૭૩	૫૫૮૬	૯૭.૫૦		
		૧૩- રાણીપુર	૨૨૯૯	૫૮૯૧	૧૩	૦.૨૨	૫૬૪૧	૯૫.૭૬		
		કુલ		૨૮૨૬૪	૧૪૦	૦.૫૦	૨૭૨૩૧	૯૬.૩૫	૧૨	૧૦
૧૧	કેવડીયા તા.ગરૂડેશ્વર	૭- કેવડીયા	૬૭૮૮	૬૭૮૮	૬૧૧	૯.૦૦	૩૨૨૨	૪૭.૪૭		
		૧- આમદલા	૧૯૫૫	૫૪૫૭	૧૨	૦.૨૨	૫૨૮૮	૯૬.૯૦		
		૫- ગોરા	૨૦૪૫	૪૭૭૮	૯૯	૨.૦૭	૩૫૯૦	૭૫.૧૪		
		૧૫- ઝરવાણી	૨૯૩૧	૫૩૨૨	૦	૦.૦૦	૫૩૦૯	૯૯.૭૬		
		કુલ		૨૨૩૪૫	૭૨૨	૩.૨૩	૧૭૪૦૯	૭૭.૯૧	૪	૧૫
૧૨	ખડગદા તા.ગરૂડેશ્વર	૮- ખડગદા	૨૬૫૫	૫૧૬૪	૫૮	૧.૧૨	૪૯૫૩	૯૫.૯૧		
		૧૨- પાનતલાવડી	૧૩૯૮	૫૭૩૫	૪૫	૦.૭૮	૫૧૫૫	૮૯.૮૯		
		૧૩- ઉડવા	૨૨૪૮	૫૪૪૭	૪૯	૦.૯૦	૫૩૬૯	૯૮.૫૭		
		૧૫- વવીયાલા	૧૭૧૯	૬૦૪૩	૧	૦.૦૨	૫૮૪૨	૯૬.૬૭		
		કુલ		૨૨૩૮૯	૧૫૩	૦.૬૮	૨૧૩૧૯	૯૫.૨૨	૧૦	૧૨
૧૩	ખોપી તા.સાગબારા	૭- ખોપી	૩૫૪૪	૬૬૨૩	૦	૦.૦૦	૬૫૯૧	૯૯.૫૨		
		૪- દેવસાકી	૨૨૨૦	૭૮૨૪	૫	૦.૦૬	૭૭૭૭	૯૯.૪૦		
		૯- નાલ	૨૦૨૮	૭૮૮૦	૦	૦.૦૦	૭૮૦૮	૯૯.૦૯		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
		૧૮- ઉભારીયા	૨૮૭૫	૬૪૮૦	૨	૦.૦૩	૬૪૧૯	૯૯.૦૬		
		કુલ		૨૮૮૦૭	૭	૦.૦૨	૨૮૫૯૫	૯૯.૨૬	૨૧	૪
૧૪	મંડાળા તા.દેડીયાપાડા	૯- મંડાળા	૨૮૪૭	૭૫૧૦	૪	૦.૦૫	૭૩૩૨	૯૭.૬૩		
		૧- અલમાવાડી	૧૭૯૦	૬૪૦૨	૨૫	૦.૩૯	૬૩૧૪	૯૮.૬૩		
		૧૫- સામરપાડા (થવા)	૨૧૪૧	૬૪૧૪	૫	૦.૦૮	૬૩૮૧	૯૯.૪૯		
		૧૮- તાબદા	૧૯૭૯	૬૮૬૯	૧૦	૦.૧૫	૬૭૯૩	૯૮.૮૯		
		કુલ		૨૭૧૯૫	૪૪	૦.૧૬	૨૬૮૨૦	૯૮.૬૨	૧૬	૫
૧૫	મોરજડી તા.દેડીયાપાડા	૧૧- મોરજડી	૨૪૬૬	૬૬૫૮	૧	૦.૦૨	૬૬૨૬	૯૯.૫૨		
		૮- ખુરદી	૧૫૧૩	૬૫૭૬	૪	૦.૦૬	૬૫૬૧	૯૯.૭૭		
		૪- બેસણા	૧૭૫૦	૬૨૦૫	૮	૦.૧૩	૬૧૩૬	૯૮.૮૯		
		કુલ		૧૯૪૩૯	૧૩	૦.૦૭	૧૯૩૨૩	૯૯.૪૦	૨૦	૧
૧૬	નઘાતપોર તા.ગરૂડેશ્વર	૬- કારેલી	૧૮૨૫	૬૬૦૮	૬	૦.૦૯	૬૫૨૧	૯૮.૬૮		
		૧૦- નઘાતપોર	૨૩૦૦	૬૦૮૧	૧૫	૦.૨૫	૬૦૩૨	૯૯.૧૯		
		૧૬- ઝેર	૨૨૬૭	૪૯૩૭	૧૨	૦.૨૪	૪૨૫૪	૮૬.૧૭		
		૯- લીમખેતર	૧૯૨૦	૬૧૫૩	૦	૦.૦૦	૬૧૦૪	૯૯.૨૦		
		કુલ		૨૩૭૭૯	૩૩	૦.૧૪	૨૨૯૧૧	૯૬.૩૫	૧૯	૧૧
૧૭	પ્રતાપનગર તા.નાંદોદ	૬- ધારીખેડા	૨૩૫૧	૫૮૫૪	૧૪	૦.૨૪	૪૧૨૨	૭૦.૪૧		
		૧૧- નાવરા	૨૨૯૧	૬૯૮૬	૨૩૦	૩.૨૯	૪૫૧૬	૬૪.૬૪		
		૧૩- પ્રતાપનગર	૨૭૫૮	૬૮૪૩	૭૮	૧.૧૪	૫૪૮૧	૮૦.૧૦		
		૧૫- સીસોદરા	૨૬૮૯	૬૭૯૧	૩૧૯	૪.૭૦	૩૩૩૩	૪૯.૦૮		
		કુલ		૨૬૪૭૪	૬૪૧	૨.૪૨	૧૭૪૫૨	૬૫.૯૨	૬	૧૯
૧૮	સાગબારા તા.સાગબારા	૫- ગોડદા	૨૦૯૯	૫૨૨૪	૦	૦.૦૦	૫૧૯૨	૯૯.૩૯		
		૩- ચોપડવાવ	૨૭૦૨	૬૯૭૩	૬	૦.૦૯	૬૮૧૮	૯૭.૭૮		
		૧૦ - નાના કાકડીઆંબા	૧૮૯૩	૫૮૩૩	૦	૦.૦૦	૫૭૬૩	૯૮.૮૦		
		૧૪- સાગબારા	૪૪૯૬	૭૧૧૨	૫૩	૦.૭૫	૫૭૨૨	૮૦.૪૬		
		કુલ		૨૫૧૪૨	૫૯	૦.૨૩	૨૩૪૯૫	૯૩.૪૫	૧૫	૧૩
૧૯	સામોટ તા.દેડીયાપાડા	૧૦- મોહબુડી	૧૯૨૦	૬૧૧૭	૦	૦	૬૦૧૮	૯૮.૩૮		
		૨- બલ	૧૦૭૮	૫૮૨૬	૦	૦	૫૮૦૭	૯૯.૬૭		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
		૧૪- પીપલોદ	૧૧૮૮	૭૦૭૮	૨	૦.૦૩	૭૦૫૪	૯૯.૬૬		
		૧૬- સામોટ	૨૧૮૮	૭૨૬૯	૦	૦	૭૨૨૧	૯૯.૩૪		
		કુલ		૨૬૨૯૦	૨	૦.૦૧	૨૬૧૦૦	૯૯.૨૮	૨૨	૨
૨૦	સેલંબા તા.સાગબારા	૧૫- સેલંબા	૬૭૧૭	૬૭૧૭	૨૯૭	૪.૪૨	૧૨૪૨	૧૮.૪૯		
		૧૨- પાંચપીપરી	૧૫૨૬	૫૭૪૫	૪૪	૦.૭૭	૫૨૩૬	૯૧.૧૪		
		૧૧- નરવાડી	૧૫૧૮	૬૬૮૯	૩૯	૦.૫૮	૬૦૪૫	૯૦.૩૭		
		૧૬- સીમઆમલી	૧૬૫૩	૪૫૮૩	૩૩	૦.૭૨	૪૪૪૭	૯૭.૦૩		
		૧૭- ટાવલ	૧૬૪૧	૪૯૭૭	૬	૦.૧૨	૪૮૬૬	૯૭.૭૭		
		કુલ		૨૮૭૧૧	૪૧૯	૧.૪૬	૨૧૮૩૬	૭૬.૦૫	૭	૧૬
૨૧	તિલકવાડા તા.તિલકવાડા	૧૨- તિલકવાડા	૩૬૪૯	૪૨૪૬	૩૫૬	૮.૩૮	૧૭૦૩	૪૦.૧૧		
		૨- ચુડેશ્વર	૯૯૩	૪૧૪૩	૮૫	૨.૦૫	૧૮૩૪	૪૪.૨૭		
		૪- ગમોડ	૧૮૭૮	૪૩૬૪	૩૧૩	૭.૧૭	૯૩૯	૨૧.૫૨		
		૬- જલોદરા	૮૨૪	૩૨૭૮	૧૭૯	૫.૪૬	૭૩૦	૨૨.૨૭		
		૧૪- વજીરીયા	૧૧૩૨	૩૪૮૧	૧૪૮	૪.૨૫	૧૫૧૧	૪૩.૪૧		
		કુલ		૧૯૫૧૨	૧૦૮૧	૫.૫૪	૬૭૧૭	૩૪.૪૨	૧	૨૨
૨૨	વડીયા તા.નાંદોદ	૮- જુનારાજ	૨૨૪૦	૬૭૩૬	૭૫	૧.૧૧	૬૫૮૭	૯૭.૭૯		
		૯- માંગરોલ	૧૬૯૮	૬૦૫૫	૩૦૮	૫.૦૯	૩૦૩૬	૫૦.૧૪		
		૧૬- વડીયા	૩૫૬૩	૬૮૭૪	૪૦૭	૫.૯૨	૩૫૬૨	૫૧.૮૨		
		૧૮- વાવડી	૨૪૭૫	૫૩૦૧	૧૮૮	૩.૫૫	૩૪૪૯	૬૫.૦૬		
		કુલ		૨૪૯૬૬	૯૭૮	૩.૯૨	૧૬૬૩૪	૬૬.૬૩	૩	૧૭

જે તે જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની યાદી તાલુકા પંચાયત મતદાર મંડળવાર આ સાથે સામેલ અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ રહે છે.

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર ૮ સ્ત્રી બેઠક સહિત ૯
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૨૧	તિલકવાડા	૧	અનુસૂચિત જાતિ

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર ૮ સ્ત્રી બેઠક સહિત ૯
અનુસૂચિત આદિજાતિ			
૧૫	મોરજડી	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૯	સામોટ	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	ચીકદા	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૩	ખોપી	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૪	મંડાળા	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૭	દેડીયાપાડા-૨	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	આંબાવાડી	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	આમલેથા	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૯	ગરૂડેશ્વર	૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૦	જાવલી	૧૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૬	નધાતપોર	૧૧	અનુસૂચિત આદિજાતિ
૧૨	ખડગદા	૧૨	અનુસૂચિત આદિજાતિ
૧૮	સાગબારા	૧૩	અનુસૂચિત આદિજાતિ
૬	દેડીયાપાડા-૧	૧૪	અનુસૂચિત આદિજાતિ
૧૧	કેવડીયા	૧૫	અનુસૂચિત આદિજાતિ
૨૦	સેલંબા	૧૬	અનુસૂચિત આદિજાતિ
૨૨	વડીયા	૧૭	અનુસૂચિત આદિજાતિ
૧	અગર	૧૮	અનુસૂચિત આદિજાતિ
૧૭	પ્રતાપનગર	૧૯	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત)બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૪	ભદામ	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૮	દેવલીયા	સા.શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ ૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય પરંતુ જાહેરનામાંની વિગતે સામાન્ય સ્ત્રી તથા બિન અનામત સામાન્ય વર્ગ માટે કોઈ બેઠકો નક્કી થઈને આવેલ ન હોઈ આ વર્ગમાં કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા.૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ -૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં

અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન કરી) બેઠકો ફાળવણી કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩૮૪૯-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ ૪(૩), ૫(૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત૮મતદાર વિભાગનું સીમાંકન૯ નિયમો, ૨૦૧૦ના નિયમ-૪થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧૮૨૯-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે:

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના ૮સીમાંકન૯ થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી).

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઇ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૮. નર્મદા જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક**	**અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	**૨**	**૩**	**૪**
અનુસૂચિત જાતિ			
૨૨	વડીયા	૩	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૪	ભદામ	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	ચીકદા	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૭	દેડીયાપાડા-૨	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૧	કેવડીયા	૧૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૫	મોરજડી	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૬	નધાતપોર	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
૧૭	પ્રતાપનગર	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૮	સાગબાર	૧૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૯	સામોટ	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૦	સેલંબા	૧૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	અગર	૧૮	અનુસૂચિત આદિજાતિ
૨	આંબાવાડી	૭	અનુસૂચિત આદિજાતિ
૩	આમલેથા	૮	અનુસૂચિત આદિજાતિ
૬	દેડીયાપાડા-૧	૧૪	અનુસૂચિત આદિજાતિ
૯	ગરૂડેશ્વર	૯	અનુસૂચિત આદિજાતિ
૧૦	જાવલી	૧૦	અનુસૂચિત આદિજાતિ
૧૨	ખડગદા	૧૨	અનુસૂચિત આદિજાતિ
૧૩	ખોપી	૪	અનુસૂચિત આદિજાતિ
૧૪	મંડાળા	૫	અનુસૂચિત આદિજાતિ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૨૧	તિલકવાડા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૮	દેવલીયા	સા.શૈ. પછાતવર્ગ

૨૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી ને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેનાં સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, દફ્તો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, નર્મદાને પણ આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય Consult કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-નર્મદા-જિ.પં.-૨૦૨૬, તા. ૨૪/૦૨/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૧

જિલ્લાનું નામ : નર્મદા **જિલ્લા પંચાયતનું નામ : નર્મદા**

અ.નં	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩૮૧૯	૩૮૨૯	૩૮૩૯	૪૮૧૯	૪૮૨૯	૫
૧	નર્મદા	૧	અગર	તિલકવાડા	૫	૧૮	અનુસૂચિત આદિજાતિ
		૨	આંબાવાડી	ચીકદા	૧૭	૭	અનુસૂચિત આદિજાતિ
		૩	આમલેથા	નાંદોદ	૧૧	૮	અનુસૂચિત આદિજાતિ
		૪	ભદામ	નાંદોદ	૨	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૫	ચીકદા	ચીકદા	૧૮	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૬	દેડીયાપાડા-૧	દેડીયાપાડા	૯	૧૪	અનુસૂચિત આદિજાતિ
		૭	દેડીયાપાડા-૨	દેડીયાપાડા	૧૪	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૮	દેવલીયા	તિલકવાડા	૮	૨૦	સા.શૈ. પછાતવર્ગ
		૯	ગરૂડેશ્વર	ગરૂડેશ્વર	૧૩	૯	અનુસૂચિત આદિજાતિ
		૧૦	જાવલી	સાગબારા	૧૨	૧૦	અનુસૂચિત આદિજાતિ
		૧૧	કેવડીયા	ગરૂડેશ્વર	૪	૧૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૨	ખડગદા	ગરૂડેશ્વર	૧૦	૧૨	અનુસૂચિત આદિજાતિ
		૧૩	ખોપી	સાગબારા	૨૧	૪	અનુસૂચિત આદિજાતિ
		૧૪	મંડાળા	દેડીયાપાડા	૧૬	૫	અનુસૂચિત આદિજાતિ
		૧૫	મોરજડી	દેડીયાપાડા	૨૦	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૬	નધાતપોર	ગરૂડેશ્વર	૧૯	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૭	પ્રતાપનગર	નાંદોદ	૬	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૮	સાગબારા	સાગબારા	૧૫	૧૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૯	સામોટ	તિલકવાડા	૨૨	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૦	સેલંબા	સાગબારા	૭	૧૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૧	તિલકવાડા	તિલકવાડા	૧	૨૨	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૨૨	વડીયા	નાંદોદ	૩	૧૭	અનુસૂચિત જાતિ

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-નર્મદા-જિ.પં.-૨૦૨૬, તા. ૨૪/૦૨/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૨

નર્મદા જિલ્લા પંચાયતની તાલુકાવાર તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી

તાલુકા પંચાયતનું નામ : નાંદોદ

અ. નં	તાલુકાપંચાયત મતદાર મંડળનું નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આમલેથા	૧	આમલેથા
		૨	તરોપા
૨	ભચરવાડા	૧	ભચરવાડા
		૨	કુંવરપુરા
		૩	ભુછાડ
		૪	ધમણાચા
		૫	ધાનપોર
		૬	તોરણા
		૭	હજરપરા
૩	ભદામ	૧	ભદામ
		૨	ચિત્રાવાડી
		૩	રસેલા
		૪	રૂંઢ
૪	બોરીદ્રા	૧	બોરીદ્રા
		૨	નાની ચીખલી
		૩	મોટી ચીખલી
		૪	મોવી
		૫	નાના લીમટવાડા
		૬	મોટા લીમટવાડા
		૭	નાના રાયપરા
		૮	ગાડીત
		૯	નાની ડબેરી
		૧૦	નામલગઢ
		૧૧	આમલી
		૧૨	ગાગર
		૧૩	માંડણ (ગાડીત)
૫	ઢોલાર	૧	ઢોલાર
		૨	વીરપોર
		૩	નાના હેડવા
		૪	મોટા હેડવા

અ. નં	તાલુકાપંચાયત મતદાર મંડળનું નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૫	મયાસી
		૬	ચિત્રોલ
		૭	કણપોર
		૮	રીંગણી
		૯	વેરીસાલપુરા
		૧૦	જેતપોર (રામગઢ)
		૧૧	રામગઢ
		૧૨	ખામર
		૧૩	નવાગામ (રામ)
૬	ધારીખેડા	૧	ધારીખેડા
		૨	અકુવાડા
		૩	લોઢણ
		૪	અમરપરા
		૫	વિરસંગપરા
		૬	કુમસગામ
		૭	પ્રતાપપરા
૭	ગામકુવા	૧	ગામકુવા
		૨	ખોજલવાસા
		૩	ઘાંટા
		૪	છટવાડા
		૫	ઢોચકી
		૬	હાંડી
		૭	મહુડીપાડા
		૮	દઢવાડા
		૯	કાકડવા
		૧૦	મેડગામ
		૧૧	બામણફળીયા
૮	જુનારાજ	૧	જુનારાજ
		૨	જીતગઢ
		૩	સુંદરપુરા
		૪	જીતનગર
		૫	વણઝર
૯	માંગરોલ	૧	માંગરોલ
		૨	ગુવાર
		૩	રામપરા (માંગરોલ)

અ. નં	તાલુકાપંચાયત મતદાર મંડળનું નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૪	થરી
		૫	કરાંઠા
૧૦	મોટી ભમરી	૧	મોટી ભમરી
		૨	પલસી
		૩	બીતાડા
		૪	મૌજી
		૫	ખુટાઆંબા
૧૧	નાવરા	૧	નાવરા
		૨	વરાછા
		૩	ઉમરવા (રેલ)
		૪	વાઘોડીયા
		૫	નવાપરા (નિકોલી)
૧૨	પોઈચા	૧	પોઈચા
		૨	નરખડી
		૩	જેસલપોર
		૪	કોઠારા
		૫	સોંઢલીયા
		૬	વાંદરીયા
૧૩	પ્રતાપનગર	૧	પ્રતાપનગર
		૨	રાજુવાડીયા
		૩	ટીંબી
૧૪	શહેરાવ	૧	શહેરાવ
		૨	જિઓર
		૩	પાટી
		૪	અણીજરા
		૫	ટંકારી
૧૫	સીસોદરા	૧	સીસોદરા
		૨	કાંદરોજ
		૩	નિકોલી
		૪	ઓરી
૧૬	વડીયા	૧	વડીયા
		૨	લાછરસ
૧૭	વાઘેથા	૧	વાઘેથા
		૨	વરખડ
		૩	પાટણા

અ. નં	તાલુકાપંચાયત મતદાર મંડળનું નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૪	હેલંબી
		૫	અણીજરા
		૬	ધોળીવાવ
૧૮	વાવડી	૧	વાવડી
		૨	મોટા રાયપરા
		૩	ગોપાલપુરા

તાલુકા પંચાયતનું નામ : તિલકવાડા

અ.નં	તાલુકા પંચાયત મતદારમંડળનુ નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	અગર	૧	અગર
		૨	સુરજીપુરા
		૩	કાંદલેજ
		૪	ખુશાલપુરા
		૫	હિંમતપુરા
		૬	બંદરપુરા
		૭	નામલપુર
૨	ચુડેશ્વર	૧	ચુડેશ્વર
		૨	નલીયા
		૩	હાફિસપુરા
		૪	હીજડામહુડી
		૫	વરવાડા
		૬	મોરીયા
		૭	મારૂંઢીયા
		૮	નળગામ
		૯	મોરા
૩	દેવલીયા	૧	દેવલીયા
		૨	અલવા
		૩	ગેંગડીયા
		૪	ગંભીરપુરા
૪	ગમોડ	૧	ગમોડ
		૨	બુજેઠા
		૩	લીમપુરા
૫	ગોલાતલાવડી	૧	ગોલાતલાવડી
		૨	કામસોલી
		૩	આલમપુરા

અ.નં	તાલુકા પંચાયત મતદારમંડળનુ નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૪	રામપુરી
		૫	ખાટાઆસીત્રા
		૬	ચિત્રાખાડી
		૭	વંઢ
		૮	રોજાનાર
૬	જલોદ્રા	૧	જલોદરા
		૨	કારેલી
		૩	સેવાડા
		૪	ઉધઈમાંડવા
		૫	ઉતાવળી
		૬	માંગુ
૭	કાટકોઇ	૧	કાટકોઇ
		૨	જેતપુર
		૩	નવાપુરા {ઉચાદ}
		૪	હરીપુરા
		૫	ડાભેડ
		૬	ધાણીખોડ
૮	રેંગણ	૧	રેંગણ
		૨	કંથરપુરા
		૩	કોયારી
૯	સાવલી	૧	સાવલી
		૨	વઘેલી
		૩	ઝાઝપુરા
		૪	પુછપુરા
		૫	ઝરી
૧૦	સિંધીયાપુરા	૧	સિંધીયાપુરા
		૨	લીમડીયા
		૩	આમલીયા
		૪	કેસરપુરા
		૫	જેસીંગપુરા
		૬	કાકડીયા
		૭	પીછીપુરા
		૮	ખરોડ
		૯	ડાભીયા

અ.નં	તાલુકા પંચાયત મતદારમંડળનુ નામ	તાલુકાપંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૧	શીરા	૧	શીરા
		૨	ગોધામ
		૩	નવાપુરા {શીરા}
		૪	કસુંદર
		૫	ઈન્દરમાં
		૬	વાંકોલ
		૭	ગૌચરીયા
		૮	રતુડીયા
૧૨	તિલકવાડા	૧	તિલકવાડા
		૨	ગણસિંડા
		૩	ટેકરાકામસોલી
૧૩	ઉચાદ	૧	ઉચાદ
		૨	વાડીયા{કારા}
		૩	મરસણ
		૪	વાડીયા{ટેકરા}
		૫	વાસણ
		૬	વિરપુર
૧૪	વજીરીયા	૧	વજીરીયા
		૨	નાનાવોરા
		૩	ફતેપુર{વજી}
		૪	ઓડંબીયા
		૫	કાસોટીયા
		૬	લીલગઢ
૧૫	વોરા	૧	વોરા
		૨	પિન્ડોલી
		૩	વનમાલા
		૪	ફતેપુર{વન}
		૫	શાહપુરાતેડીયા
		૬	નમારીયા
		૭	સાહેબપુરા
		૮	સોઈકુવા
		૯	ઉમેદપુરા
૧૬	વ્યાધર	૧	વ્યાધર
		૨	ભાદરવા
		૩	ફેરકુવા
		૪	સુરવા
		૫	રૂપપુરા

તાલુકા પંચાયતનું નામ : ગરૂડેશ્વર

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આમદલા	૧	આમદલા
		૨	કોઠી
		૩	ગભાણા
		૪	ભુમલીયા
૨	ભીલવશી	૧	ભીલવશી
		૨	બારખાડી
		૩	મોટાઆંબા
		૪	સાકવા
		૫	ઉમરવા
		૬	માથાવાડી
		૭	માંડણ
		૮	ચીનકુવા
		૯	મોટીરાવલ
		૧૦	ભાણદ્રા
૩	ફુલવાડી	૧	ફુલવાડી
		૨	સેંગપરા
		૩	સુરજવડ
		૪	ગભીરપુરા
		૫	ઈન્દ્રવર્ણા
		૬	વસંતપુરા
		૭	મોટા પીપરીયા
		૮	નાના પીપરીયા
		૯	બોરીયા
		૧૦	વાંસલા
		૧૧	નાનીરાવલ
૪	ગરૂડેશ્વર	૧	ગરૂડેશ્વર
		૨	અક્તેશ્વર
		૩	સાંજરોલી
૫	ગોરા	૧	વાગડીયા
		૨	નવાગામ
		૩	ગોરા
		૪	લીમડી

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૬	કારેલી	૧	ગડોદ
		૨	કુંભીયા
		૩	નાસરી
		૪	પીછીપુરા
		૫	માંકડઆંબા
		૬	કારેલી
૭	કેવડીયા	૧	કેવડીયા
૮	ખડગદા	૧	ધામદ્રા
		૨	છીડીયાપુરા
		૩	ખડગદા
૯	લીમખેતર	૧	પંચલા
		૨	લીમખેતર
		૩	જંતર
		૪	ગડી
		૫	ગુલવાણી
		૬	વધરાલી
		૭	ચાપટ
		૮	ટીમરવા
૧૦	નઘાતપોર	૧	ઝરીયા
		૨	વાડી
		૩	ગાડકોઈ
		૪	નઘાતપોર
		૫	સમશેરપુરા
૧૧	નવાવાઘપુરા	૧	કલીમકવાણા
		૨	વેલછંડી
		૩	જુનવદ
		૪	નવાવાઘપુરા
		૫	હિરાપુરા
		૬	નાનાઝુંડા
		૭	સમારીયા
૧૨	પાનતલાવડી	૧	પાનતલાવડી
		૨	બિલથાણા
		૩	ગલુપુરા
		૪	સુલતાનપુરા
		૫	ભેખડીયા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૬	મીઠીવાવ
		૭	પાણીસાદરીયા
		૮	ઢેફા
		૯	ધોબીસાલ
		૧૦	ધનીયારા
		૧૧	નવાપરા (ગરૂ)
		૧૨	વાઝણીતાડ
૧૩	ઉડવા	૧	ઓરપા
		૨	બોરઉત્તાર
		૩	ગુણેથા
		૪	વાલપોર
		૫	ચીચડીયા
		૬	ઉડવા
૧૪	વવીયાલા	૧	સુકા
		૨	માણકુવા
		૩	બખ્ખર
		૪	વવીયાલા
		૫	સોનગામ
		૬	સજાણપુરા
		૭	સાંઢીયા
૧૫	ઝરવાણી	૧	ઝરવાણી
		૨	થવડીયા
		૩	મોખડી
		૪	સુરપાણ
		૫	ધીરખાડી
૧૬	ઝેર	૧	જેતપોર (વધ)
		૨	હરીપુરા
		૩	વણઝી
		૪	સુરવાણી
		૫	ઝેર

તાલુકા પંચાયતનું નામ: દેડીયાપાડા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	અલમાવાડી	૧	અલમાવાડી
		૨	ચુલી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૩	જામ્બાર
		૪	પોમલાપાડા
		૫	ભાટપુર
		૬	ખરચીપાડા
		૭	સેજપુર
૨	બલ	૧	અણદુ
		૨	ડાબકા
		૩	પાટવલી
		૪	સગાઇ
		૫	જુનામોસદા
		૬	બલ
		૭	માથાવલી
		૮	ગડી
		૯	કેલ્દા
		૧૦	હથવડીબેવડ
૩	બેબાર	૧	પાંચઉમર
		૨	ગઢ
		૩	બેબાર
		૪	દુથર
		૫	ફુલસર
		૬	કંઝાલ
		૭	લાડવા
		૮	ઉડી
		૯	ટુંકનેર
		૧૦	કાલવટ
		૧૧	ગલાવાડી
		૧૨	વાવ
૪	બેસણા	૧	પાનસર
		૨	રાલ્દા
		૩	પીપલા
		૪	મોટીકાલબી
		૫	મેડ્યુસાગ
		૬	બેસણા
		૭	માથાકાલબી
૫	દેડીયાપાડા-૧	૧	દેડીયાપાડા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૬	દેડીયાપાડા-૨	૧	દેડીયાપાડા
		૨	નવાગામ(દેડી)
		૩	બોર
		૪	કોલીવાડા(બોગજ)
		૫	બોગજ
		૬	ઝાડોલી
		૭	પીંગલાપાડા
		૮	કિસમોર
		૯	ખટકનખાડી
૭	ઘાંટોલી	૧	ઘાંટોલી
		૨	રાખસકુંડી
		૩	ટીંબાપાડા
		૪	નાનાસુકાઆંબા
		૫	મોટાસુકાઆંબા
		૬	રાંભવા
૮	ખુરદી	૧	નાનીસીંગલોટી
		૨	ખુરદી
		૩	વેડછા
		૪	અરેઠી
		૫	ખટામ
		૬	મોટીસીંગલોટી
		૭	કલતર
		૮	ચોરકોતર
		૯	બાબાદોકટી
૯	મંડાળા	૧	મંડાળા
		૨	ગારદા
		૩	ભુતબેડા
		૪	ખામ
		૫	ભરાડા (ખાબજી) (બરસણ)
		૬	ખાબજીદાબડા
		૭	બોરીપીઠા
૧૦	મોહબુડી	૧	મોહબુડી
		૨	ડુમખલ
		૩	કણજી
		૪	વાંદરી
		૫	ઈગાવાડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૧	મોરજડી	૧	બંટાવાડી
		૨	કનબુડી
		૩	મોરજડી
		૪	સુકવાલ
		૫	ઘનપીપર
		૬	દાંડાવાડી
		૭	સામરઘાટ
		૮	શીશખુટા
		૯	સાકી
		૧૦	ગોવલપાટડી
		૧૧	નાનીમોરખી
		૧૨	કાથોહ
		૧૩	નવામોસદા
		૧૪	કોનવાવ
૧૨	નિંઘટ	૧	નિંઘટ
		૨	કુનબાર
		૩	ઝરણાવાડી
		૪	બાંડીશેરવાણ
		૫	સીંગલવાણ
૧૩	નિવાલ્દા	૧	નિવાલ્દા
		૨	ખોખરાઉમર
		૩	ઘનખેતર
		૪	મોસીટ
		૫	સોરાપાડા
		૬	તાતખાડી
		૭	સુકનીઉમરાણ
		૮	આમલીપાણી
		૯	ગુંદવા
૧૪	પીપલોદ	૧	પીપલોદ
		૨	સાંકળી
		૩	સીંગલગભાણ
		૪	વાઘઉમર
		૫	ગીચડ
		૬	ચોપડી
		૭	કોકમ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૮	નામગીર
		૯	બોગામા
		૧૦	માથાસર
		૧૧	પાનખલા (માથાસર)
૧૫	સામરપાડા (થવા)	૧	સામરપાડા (થવા)
		૨	બયડી
		૩	ઘોડી
		૪	મગરદેવ
		૫	ધનોર
		૬	થપાવી
		૭	મોસ્કુવા
		૮	મંછીપાડા
૧૬	સામોટ	૧	સામોટ
		૨	માલ
		૩	શીશા
		૪	મોહબી
		૫	પાનખલા (શીશા)
		૬	કોકટી
		૭	ગુંદવાણ
૧૭	સોલીયા	૧	સોલીયા
		૨	ગાજરગોટા
		૩	કુટીલપાડા
		૪	કોલીવાડા (પણ)
		૫	પણગામ
		૬	કાબરીપઠાર
		૭	મોજરા
		૮	નાનીભમરી
		૯	સાદા
		૧૦	મોટીડભેરી
		૧૧	ખાપર
૧૮	તાબદા	૧	ગુલ્દાચામ
		૨	રોહદા
		૩	નવાગામ (પાનુડા)
		૪	પાનુડા
		૫	વિગુના

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૬	ખૈડીપાડા
		૭	રૂખલ
		૮	તાબદા
		૯	ભુખરણ

તાલુકા પંચાયતનું નામ: ચીકદા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આંબાવાડી	૧	ખોડાઆંબા
		૨	આંબાવાડી
		૩	દેવીપાડા
૨	બાબદા	૧	બાબદા
		૨	ટીલીપાડા
		૩	ખાપર બુદા
૩	ચીકદા	૧	ચીકદા
		૨	જોરટી
૪	દાભવણ	૧	ગોલવાણ
		૨	શેરવાઈ
		૩	દાભવણ
		૪	કરતલ
		૫	સોરાફલી
		૬	સામરપાડા (દેવીવાળું)
૫	ગંગાપુર	૧	મેનઆંબા
		૨	કુટીલશીશા
		૩	ગંગાપુર
		૪	કાકરપાડા
		૫	તુમડાવાડી
		૬	નાના માછ
		૭	મોટા માછ
		૮	હરીપુરા
૬	ગોપાલિયા	૧	વડપાડા
		૨	ગોપાલિયા
		૩	ભરાડા (બેડદા)
૭	જામની	૧	ઓલગામ
		૨	કાંટીપાણી
		૩	ખયડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૪	ગોટખાડી
		૫	સામરપાડા (સીદીવાળું)
		૬	જામની
૮	ઝાંક	૧	ઝાંક
		૨	રોજઘાટ
		૩	સજનવાવ
૯	કેવડી	૧	કેવડી
		૨	કુંભખાડી
		૩	કુકડદા
૧૦	કુંડીઆંબા	૧	પીપરીપાડા
		૨	વડીવાવ
		૩	કુંડીઆંબા
		૪	જરગામ
		૫	ઘનખેત
૧૧	મોટીબેડવાણ	૧	બરસણ
		૨	ખુપર બરસણ
		૩	મોટીબેડવાણ
		૪	ભરાડા (રેલ્વા)
૧૨	નાની બેડવાણ	૧	નાનીબેડવાણ
		૨	પીપરવટી
		૩	કમોદવાવ
૧૩	પાટડી	૧	ઈદલાવી
		૨	રેલવા
		૩	પાટડી
૧૪	સાબુટી	૧	આંબાદેવી ઉર્ફે સિયાલી
		૨	લોટઆંબા
		૩	સાબુટી
		૪	કણજઈ
		૫	કલમકુવા
		૬	નાની કોરવાઈ
		૭	પોટીયાપાડા
		૮	આંજણવઈ
		૯	મોટીકોરવાઈ
૧૫	ઉમરાણ	૧	મોસકૂટ
		૨	ઉમરાણ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૬	વાઢવા	૧	મુલ્કાપાડા
		૨	વાઢવા
		૩	શિયાલી

તાલુકા પંચાયતનું નામ : સાગબારા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બર્કતુરા	૧	પરોઢી
		૨	ભોગવડ
		૩	પીપરીપાડા
		૪	પાના
		૫	નેવડીઆંબા
		૬	બર્કતુરા
૨	ભાદોડ	૧	ભાદોડ
		૨	ધવલીવેર
		૩	ખડકુની
		૪	નવાપાડા
		૫	કોડખાડી
		૬	ખોચરપાડા
		૭	પીરમંડાળા
		૮	નાની પરોઢી
		૯	આંબાગામ
		૧૦	ખેવા
		૧૧	તારપાડા
		૧૨	રૂપદેવકી
		૧૩	જોડવાણ
૩	ચોપડવાવ	૧	અમીયાર
		૨	દુધલીવેર
		૩	રણબુંડા
		૪	ચોપાડવાવ
		૫	કોડબા
૪	દેવસાકી	૧	મોટા કાકડીઆંબા
		૨	ડાબકા
		૩	પીપલાપાણી
		૪	ખડકીમુહ
		૫	ચિમ્બાપાણી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૬	મહુપાડા
		૭	દેવસાકી
		૮	ઉમરદા
		૯	બગન્યાવાડ
		૧૦	પીપરીપાડા
		૧૧	લીબાડીં
		૧૨	ખોટા
		૧૩	ફતેપુર
		૧૪	જુની જાવલી
૫	ગોડદા	૧	નાની મોગરી
		૨	મોટી મોગરી
		૩	પાડા
		૪	દેવમોગરા
		૫	ગોડદા
		૬	કુંવરખાડી/કાનાપાડા
		૭	નાલાકુંડ
૬	જાવલી	૧	જાવલી
		૨	નવાગામ (જા)
૭	ખોપી	૧	ખોપી
		૨	સોરાપાડા
		૩	બોદવાવ
		૪	સોરતા
૮	કોલવાણ	૧	કોલવાણ
		૨	ખૈરપાડા
		૩	ઉમરાણ
		૪	વડગામ
		૫	ખોખવડ
		૬	ધાબડાકુવ
		૭	કોકટીપાડા
		૮	કાંગઠી
		૯	રજનીવડ
૯	નાલ	૧	નાલ
		૨	પાડી
		૩	કાકરપાડા
		૪	દોધનવાડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૫	પાટલામંઉ
		૬	હોલીઆમલી
		૭	પુંજારીગઢ
૧૦	નાના કાકડીઆંબા	૧	નાના કાકડીઆંબા
		૨	નાના ડોરઆંબા
		૩	કુવડાવાડી
		૪	મકરાણ
		૫	મોટા ડોરઆંબા
		૬	મોવી
૧૧	નરવાડી	૧	ગોટપાડા
		૨	કુયદા
		૩	નવાગામ સે
		૪	નરવાડી
		૫	ચિકાલી
		૬	ખામપાડા
		૭	ધનશેરા
૧૨	પાંચપીપરી	૧	પાંચપીપરી
		૨	મોરાવી
		૩	નાનીદેવરૂપણ
		૪	રછવાડા
		૫	પાટ
		૬	ટાંકણી
		૭	ઉમરકુઈ
૧૩	રાણીપુરા	૧	રાણીપુરા
		૨	પલાસવાડા
		૩	ઉમાન
		૪	ચાટુવડ
		૫	ડોગરીપા
		૬	મેઢી
		૭	રૂંદિગવાણ
		૮	લગડી
		૯	ખનોર
		૧૦	કેનવાડા
૧૪	સાગબારા	૧	સાગબારા
		૨	પાનખલા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૩	ચિત્રાકેવડી
		૪	કનખાડી
૧૫	સેલંબા	૧	સેલંબા
૧૬	સીમઆમલી	૧	સીમઆમલી
		૨	ભવરીસાવર
		૩	રોઝદેવ
		૪	કેલ
૧૭	ટાવલ	૧	દતવાડા
		૨	પાટી
		૩	ગોનઆંબા
		૪	ટાવલ
		૫	ધોડમુંગ
૧૮	ઉભારીયા	૧	ઉભારીયા
		૨	ગાયસાવર
		૩	ભોરઆમલી
		૪	મોટી દેવરૂપણ
		૫	કુયાલા
		૬	સજનવાવ
		૭	ચિતવડ
		૮	પઠાણા

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નર્મદા જિલ્લાની દેડીયાપાડા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત)ની રચના અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૯-દેડીયાપાડા-તા.પં.-૨૦૨૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧- ૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪ -૧૯૬૮-જ, તા.૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી

૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ક્રમાંક: કેપીવી-૦૭-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૨૨-૨૦૨૬, તા.૧૭-૦૧-૨૦૨૬ના જાહેરનામાથી (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે) દેડીયાપાડા તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
નર્મદા	દેડીયાપાડા	૧૮	૦	૧	૯	૮	૦	૦	૦	૦

૨. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ-૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ-૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ-૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે:

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી સૌથી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

